**લખતરના મહે. જયુડીશીયલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મુ. લખતર.**

ફો.કે.નં. ૧૧૪/૨૬

આંક :– ૬

શ્રી સરકાર .... ફરીયાદી

**વિરૂધ્ધ**

વિજયભાઈ ગણપતભાઈ નાંધા

રહે. મોઢવાણા, રબારીવાસ.તા. લખતર. .... આરોપી

**ગુન્હો :– પ્રોહીબીશન એકટ ની કલમ ૬૬(૧)બી મુજબ.**

**:– જ જ મે ન્ટ –:**

૧. ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામનાં આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ ૬૬ (૧)(બી), ૮૫ મુજબના ગુના અન્વયેનું ચાર્જશીટ તપાસના અંતે રજુ થયેલ છે.

૨. આરોપીને ધોરણસરની સમન્સની બજવણી થતા આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ જેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવી બાદ આરોપીએ ડીસ્ચાર્જ અરજી રજુ કરતા જે અન્વયેના હુકમ મુજબ આરોપી વિરૂધ્ધ પ્રોહી કલમ ૮૫ લગતના કોઈ આવશ્યક તત્વો ફરીયાદમાં જણાતા ન હોય આરોપીને પ્રોહી કલમ ૮૫ ના ગુન્હાનાં કામે બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

૩. ત્યારબાદ આરોપીની આંક :– ૦૪ થી પ્લી નોંધવામાં આવેલ તથા

આરોપીએ આંક :– ૦૫ થી પ્રોહી કલમ ૬૬(૧)બી મુજબનાં ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જેમાં તેઓ પોતાની સામેનો ગુન્હાનો આક્ષેપ કબુલ કરતા હોય જેથી આરોપીને ગુન્હા બાબતે સજાકીય જોગવાઈ તથા ગુન્હાની કબુલાત કરવા બંધાયેલ ન હોવાનુ સમજાવવામાં આવેલ હોવા છતા આરોપી પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાવે છે.

૪. આમ, હાલનાં કામે આરોપીએ તેઓની સામેના આક્ષેપીત ગુન્હાનો પોતાની પ્લી તથા ગુન્હાની કબુલાત પુરસીસ દ્રારા સ્વીકાર કરેલ છે અને ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે જેથી આરોપીને ગુન્હાની કબુલાત અંગે તેમજ તેઓની થઈ શકતી સજા અંગે સમજાવવામાં આવેલ છે. વધુમાં આરોપીએ મૌખીક રીતે જણાવેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુન્હો છે તેમજ તેઓ ગરીબ માણસ હોય તેમજ કુટુંબ કબીલા વાળા હોય અને તેના કુટુંબની દેખભાળ રાખનાર તેઓ એકમાત્ર ઈસમ હોય દયા રાખી સજા કરવા અરજ કરેલ છે.

૫. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા આરોપીની મૌખીક રજુઆતો ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીએ મુજબનો આખરી હુકમ કરવામાં આવેલ છે.

**:: આ ખ રી હુ ક મ ::**

આરોપીની બી.એન.એસ.એસ ની કલમ– ૨૭૫ અન્વયે પ્રોહીબીશન એકટ કલમ ૬૬(૧)બી મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) દંડની સજા ફરમાવવામાં આવે છે. જો દંડ ન ભરે તો દીન–૦૧(એક) ની સાદી સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૧ માહે જુલાઈ ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં હુકમ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ– ૧૧/૦૭/૨૦૨૬ ( એસ.કે.ત્રિવેદી )

લખતર. જ્યુડી. મેજી. ફ. ક.,

લખતર.

યુનિક કોડ નં. જીજે–૦૧૬૬૩